# આ કપલ્સે પ્રોફેશન અપનાવ્યું ઈન્ફલુઅન્સરનું, એમની રિલ્સ વધારે છે ફોલોવર્સ

**સો**શ્યલ મીડિયાના જમાનામાં અલગ અલગ ટ્રેંડિંગ ટોપિક પર રિલ્સ બનાવી ને મૂકવાનું અલગ જ પ્રોફેશન ઊભું થયું છે. સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સરમાં પણ એવો પણ ટ્રેન્ડ એવો આવ્યો છે કે કપલ સાથે મળીને કન્ટેન્ટ ક્રિએટ કરે છે અને લોકોને આવી જોડીની રિલ્સ જોવામાં વધારે ઇન્ટરેસ્ટ પડે છે. સુરતમાં પણ આવા કપલ્સ છે જેમણે ઇન્ફ્લુએન્સર તરીકેનું પ્રોફેશન અપનાવ્યું છે તો કેટલાંક શોખ ખાતર રિલ્સ બનાવે છે. આપણે આવા ઈન્ફ્લુઅન્સર કપલ્સ ને મળીએ અને જાણીએ કે તેમણે મેરેજ બાદ કપલ્સમાં વીડિયો ક્રિએટ કરવાનું સ્ટાર્ટ કર્યું કે તે પહેલાથી જ કરતા હતાં, કેમ તેમણે ઈન્ફ્લુઆન્સર બનવાનું પસંદ કર્યું, તેઓ જોડીમાં કેવા પ્રકારના બ્લોગ, રીલ્સ બનાવે છે અને તેઓ ભવિષ્યમાં પણ આ જ ફિલ્ડમાં રહેવાના છે કે આમાં તેમને કેટલું ભવિષ્ય લાગે છે....



## એંગેજમેન્ટ થયા હતા ત્યારથી જ સાથે વીડિયો ક્રિએટ કરે છે

ઈન્સ્ટા પર રિલ્સ બનાવવાનો શોખ ધરાવતા રુચિત શાહે જણાવ્યું કે, કોવિડના સમયમાં ખાલી સમય ખાસ્સો મળતો એટલે મેં વીડિયો બનાવવાનું સ્ટાર્ટ કર્યું હતું. અત્યારે પણ મોટાભાગે વીકએન્ડમાં સમય મળતો હોય એટલે એ સમયને વીડિયો ક્રિએટ કરવા યુટીલાઈઝ કરીએ છીએ. મારી ઈન્સ્ટા પર વીડિયો ક્રિએશનની જર્ની 2021થી શરૂ થઈ. જૈમીની મારી લાઈફ પાર્ટનર સાથે મારા પસંદગીના મેરેજ છે. સગાઈ થયા બાદથી અમે સાથે કન્ટેન્ટ ક્રિએટ કરીએ. નેચર, ગરબા, બાઈકિંગના ટોપીક પર રિલ્સ બનાવીએ. પહેલા તો જે પ્રકારની રિલ્સ બનાવવાની હોય તેનું શૂટિંગ પતાવીએ પછી પોતપોતાના કામમાં ઓતપ્રોત થઈ જઈએ પછી મોડેથી સમય મળે એટલે દોઢ બે કલાક ચર્ચા કરીને પછી રિલ્સ બનાવીએ. લોકોને અમે સાથે રિલ્સમાં હોઈએ તે વધારે પસંદ છે.



## ફિયાન્સી સાથે ગુજરાતી કલ્ચરને પ્રમોટ કરતા વીડિયો ક્રિએટ કરે છે

ધ્રુવ દાળવાલાના પાંચ વર્ષ પહેલાં ટિકટોક પર 9 લાખ ફોલોવર્સ હતાં. તેમના એંગેજમેન્ટ ધ્રુવી રાણા સાથે થયા છે તેઓ બંને મળીને 6 મહિનાથી ઈન્સ્ટાગ્રામ પર બ્લોગ બનાવે છે. ધ્રુવે જણાવ્યું કે, અમે ગુજરાતી અને રાણા સમાજના ફેસ્ટિવલના વીડિયો બનાવીએ તથા ફેસ્ટિવલ્સના ઈતિહાસની રસપ્રદ માહિતી આપીએ છીએ. અમે બંને કપલ્સ વીડિયો પણ બનાવીએ. લોકોને અમારી જોડી ગમે છે. મારી બ્લોગવાળી ID પર લોકોને મોટિવેટ કરતા કન્ટેન્ટ બનાવું છું. ત્રીજો કન્ટેન્ટ ફેમિલી રિલેટેડ હોય તેમાં ફેમિલું હસી ખુશીથી રહે તેનો મેસેજ આપીએ. અમારા દરરોજના 100-150 ફોલોવર્સ વધે છે. અમે બંને દિવસના 10-15 મિનિટનો સમય કાઢીને વીડિયો બનાવીએ. જે ગમતું હોય તેના માટે સમય નીકળી જતો હોય, બસ ટાઈમ એડજસ્ટ કરવો પડે. અમારા મેરેજને હજી સમય છે પણ અમે નક્કી કરીને રાખ્યું છે કે મેરેજ બાદ પણ અમે સાથે વીડિયો ક્રિએટ કરતા રહીશું.



## દીકરી નાની છે ટાઈમ મેનેજમેન્ટ કરીને કામ કરવું પડે

મિતુલ શાહ સોશ્યલ મીડિયા પર ગુરુ મિત્તલ શાહના નામે ઓળખાય છે. તેઓ અને તેમના વાઈફ સ્વીટી છેલ્લાં ચાર વર્ષથી સાથે વીડિયો ક્રિએશન કરે છે. તેમણે જણાવ્યું કે, હું 9 વર્ષથી કન્ટેન્ટ ક્રિએટ કરું છું. સ્વીટી ચાર વર્ષથી મારી સાથે જોડાઈ છે. અમારી રિલ્સ ફૂડ, જવેલરી, ફેશન, લાઈફ સ્ટાઈલ પરની હોય. અમારી નાની દીકરી પણ છે. વીડિયો ક્રિએશન સાથે કરવું ડીફિકલ્ટ પણ થાય રાતના 9-10 પણ વાગી જાય. અમારે દીકરીને પણ ટાઈમ આપવાનો હોય એટલે સમજી વિચારીને ચાલવું પડે. જોકે, હવે તો એકબીજાને સમજી જતા બધું બેલેન્સ થઈ જાય છે. અમે ભવિષ્યમાં પણ સાથે જ ઈન્ફલુઅન્સરનું કામ કરતા રહીશું.

## હસબન્ડે મસ્તીમાં કહ્યું તું કાંઈ નહીં કરી શકે, લોકડાઉનથી સાથે ફની રિલ્સ બનાવે

હિરલ માલકીયા અને તેમના હસબન્ડ સાથે કપલમાં 2019થી ફની રિલ્સ બનાવે છે. તેમણે જણાવ્યું કે, મારા હસબન્ડ મેહુલ ઘણાં સમયથી ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર ફોટા વીડિયો મૂકે છે. એમણે મને એકવાર મસ્તીમાં છણકો કરતાં કહ્યું હતું હિરલ તું કાંઈ નહીં કરી શકે પછી કોરોના લોકડાઉન આવ્યું તો મેં પણ કોમેડી કન્ટેન્ટ ક્રિએટ કરી ફની રિલ્સ બનાવવાનું સ્ટાર્ટ કર્યું હતું. અમે અને અમારા બંને દિકરા તથા મારી બેનનો દીકરો, મારા સાસુ સાથે મળીને ફની રિલ્સ બનાવવા લાગ્યાં. હું ઘરના બધા જ કામ જાતે હેન્ડલ કર્યા પછી ત્રણ થી ચાર કલાકનો સમય રિલ્સ બનાવવા કાઢું. હું અને મારા બાળકો મારા હસબન્ડને સમય મળે ત્યારે કોમેડી વીડિયો, લાઈફસ્ટાઈલ, બ્યુટી, ફેશન પરના વીડિયો ક્રિએટ કરીએ.



## મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**




## વરસાદ સાથે આવ્યા આંધી અને તુફાન, ઊડી ગઈ છત્રી, તૂટ્યાં ઝાડ, પારાવાર થયું નુકસાન...

ઉનાળાની વિદાયને હજી વાર છે અને ચોમાસું શરૂ પણ થયું નથી, વાવાઝોડા સાથે આંધી-તુફાને બાકી કશું રાખ્યું નથી... છત્રી થઇ ગઇ કાગડો અને કાગડો આંધીમાં અટવાઈ ગયો, કાખમાં રહી ગયું છોરું અને સાડીનો પાલવ ઊડી ગયો... પડ્યો નથી એટલો વરસાદ કે ગરમી દૂર કરે, ધરતીમાંથી તો ધગધગતો લાવા જાણે વાતાવરણમાં ભળે... તોડી નાખ્યા ઝાડ અને પાડી દીધી ડાળ, આ ભારે પવનનું શું કરવું મારા યાર... માત્ર દેખા દઈ ગયો આ વરસાદ, હજુ ચોમાસાનો પ્રારંભ થયો નથી, તેજ ગતિએ ફુંકાયેલા પવને જિંદગીને ઝંઝોળવામાં બાકી કશું રાખ્યું નથી... કમોસમી વરસાદ લાવે છે માંદગી, મોસમી વરસાદ લાવે છે જીવન જીવવાની તાજગી... હવે તો એ જ છે પ્રાર્થના, કે સારો વરસાદ પડે, ખેડૂ થાય ખુશ અને ઠંડક વાતાવરણમાં પ્રસરે...

# વરસાદમાં જાદુ બતાવતી વોટરપ્રૂફ છત્રી અને વોટરપ્રુફ સ્કૂલબેગ્સ બની ટ્રેન્ડી

મસ્તી કી પાઠશાલા

સિટીની કેટલીક સ્કૂલોમાં ઉનાળુ વેકેશન સમાપ્ત થઈ ગયું છે તો કેટલીક સ્કૂલોમાં વેકેશન પૂર્ણતાને આરે છે. અત્યારે નાના ભૂલકાઓના પેરેન્ટ્સ બાળકોના સ્કૂલ બેગ્સ, નોટબુક્સ, સ્ટેશનરીની શોપિંગ્સમાં વ્યસ્ત થઈ ગયા છે. છેલ્લા બે દિવસથી સુરતમાં વરસાદી માહોલ જામ્યો છે. વરસાદની હેલી વરસી પણ ચૂકી છે, વળી 15 જૂનથી વરસાદી માહોલ બનવાની આગાહી પણ કરવામાં આવી છે, એવામાં પેરેન્ટ્સ પોતાનું બાળક અને તેની સ્કૂલ બેગ્સ, ચોપડા, સ્ટેશનરી વરસાદથી સુરક્ષિત રહે તેવી એસેસરીઝની શોધ કરી રહ્યા છે. બાળકોને અવનવી ડિઝાઈનની કલરફૂલ એસેસરીઝ એટ્રેક્ટિવ લાગે છે તો આ વખતે વરસાદી સીઝનને લઈને બાળકો માટેની વોટરપ્રૂફ છત્રી કે જેમાં જાદુ દેખાય તેવી કયા પ્રકારની એમ્બ્રેલા ટ્રેન્ડિંગમાં છે, નોટબુક્સ, સ્કૂલબેગમાં શું નવું છે જે વરસાદથી પણ બચાવે છે તેના વિશે માહિતગાર થઈએ...

## વરસાદથી બચાવે છે શાનદાર ટ્રાન્સપરન્ટ નોટબુક કવર



વોટરપ્રુફ ટ્રાન્સપરન્ટ નોટબુક કવર નોટબુક્સ અને ચોપડીઓને વરસાદી પાણીથી તો બચાવે છે જ ઉપરાંત આવા પ્લાસ્ટિક શીટ કવરને કારણે નોટબુકને ફાટવા અને ગંદી થતા પણ બચાવે છે. આવા કવર ખાસ તો ટકાઉ પ્લાસ્ટિકના બન્યા હોય છે. આ કવર સેલ્ફ એધેસીવ સ્ટીકરના રૂપે આવે છે જેને ચોંટાડવા ખૂબ જ સરળ હોય છે. કવર ટ્રાન્સપરન્ટ હોવાને કારણે નોટબુક પરના કાર્ટૂન, નાના બાળકોના ફોટાની ડિઝાઈન ક્લિયર જોઈ શકાતા હોવાથી આ કવર આકર્ષક લાગે છે. રેઈનકોટ ફેબ્રિકથી બનાવવામાં આવેલા નોટબુક કવર પાઉચ સ્ટુડન્ટ્સની ડાયરી, લેપટોપ અને નોટબુક્સને વરસાદ, ધૂળ અને મોઈસ્ટથી સુરક્ષિત રાખે છે. રોલ પેક નોટબુક કવર પણ આ વર્ષે ટ્રેન્ડિંગ છે.





## મેજિક બ્લુમ અમ્બ્રેલા પર વરસાદી છાંટા પડતા જ ફૂલોની ડિઝાઇન ઉપસી આવે છે

વરસાદી સિઝન શરૂ થઈ ગઈ છે અને તે સાથે હવે સ્કૂલો પણ એટલે પેરેન્ટ્સે તેમના સ્કૂલે જતાં બાળકો માટે રેઈનકોટ, જેકેટ અને અટ્રેકટિવ કલરફુલ અમ્બ્રેલાની ખરીદી શરૂ કરી છે. આ વખતે 2026માં વરસાદી સિઝન માટે અનોખી ડિઝાઈનની મેજિક બ્લૂમ કે મેજિક બ્લોસમ અમ્બ્રેલા બજારમાં જોવા મળી રહી છે. તેની ખાસિયત એ છે કે તેની પર વરસાદી છાંટા પડતાં જ આ છત્રીની ઉપર સુંદર મજાના ફૂલોની ડિઝાઈન ઉપસી આવે છે. વરસાદ રોકાતા જ છત્રી સુકાવા લાગે તે સાથે તેની પરની ફૂલોની ડિઝાઈન ગાયબ થઈ જાય છે. આ છત્રી પર UV કોટિંગ પણ આપવામાં આવે છે જે બપોરે ચામડી દઝાડતો તડકો અને હાનિકારક UV કિરણોથી બચાવે છે. આવી અમ્બ્રેલા યુવતીઓ અને બાળકીઓ વચ્ચે લોકપ્રિય બની છે.

## વોટરપ્રુફ સ્ટેશનરી પાઉચ મજબૂત અને આકર્ષક ડિઝાઈનમાં

સ્કૂલના વિધાર્થીઓ જ નહીં પણ પ્રોફેશનલ્સમાં પણ મજબૂત અને અટ્રેકટિવ વોટરપ્રૂફ સ્ટેશનરી પાઉચ ખાસ્સા ટ્રેન્ડમાં આવ્યા છે. ટ્રાન્સપરન્ટ અને સેમી ટ્રાન્સપરન્ટ પાઉચ PVC મટીરીયલથી બનેલા હોય છે એટલે તેમાં રાખવામાં આવેલી સ્ટેશનરી જોઈ શકાય છે. સ્કૂલ અને કોલેજના વિધાર્થીઓમાં 3D પ્રીમિયમ હાર્ડ કેસ પાઉચ ખાસ્સા ચલણમાં આવ્યાં છે. તે પેન્સિલ, કલર્સ અને અન્ય સ્ટેશનરીને સુરક્ષિત રાખે છે.






## વોટરપ્રુફ સ્કૂલ બેગ્સ લાગે છે સ્ટાઈલિશ, વરસાદ સામે આપે સુરક્ષા

2026માં પોલીએસ્ટર અને નાયલોનના વોટરપ્રુફ સ્કૂલ બેગ્સ બાળકો અને યુવાઓમાં ખાસ્સી ટ્રેન્ડ કરી રહી છે. તે સ્ટાઈલીશ અને વોટર રેસિસ્ટન્ટ હોવાથી ચોપડીઓ અને ગેજેટ્સને વરસાદથી સુરક્ષિત રાખે છે.

**૧૬**મી અને ૧૭મી સદીમાં સૂરત એ ખરેખર સોનાની મૂરત હતું. જાણો દુનિયાનાં બજારોમાં સૂરતની વસ્તુઓની કેવી શાન હતી અને કઈ કઈ વસ્તુઓ અહીંથી જમીનમાર્ગે અને વહાણમાર્ગે દેશદુનિયામાં પહોંચીને વખણાતી હતી. સાથે જ આ ધમધમતા બંદરે ટકી રહેવા માટે અંગ્રેજો જેવાં ખમતીધરોને પણ કેવાં નવ નેજાં પાણી ઉતરતાં!...





# સૂરતના સ્વર્ણસમયે સૂરતના વ્યાપારમાં અંગ્રેજોનો હિસ્સો

અંગ્રેજો સૌપ્રથમ સૂરત બંદરે ઉતર્યા અને અહીં કોઠી સ્થાપી એ હકીકત સર્વવિદિત છે. પણ આ ધમધમતા બંદરે ટકી રહેવું અને તે પણ ફ્રેંચ, ડચ, આર્મેનિયનો, આરબો, પોર્ટુગીઝો જેવી કુશળ વેપારી પ્રજાને હરીફાઈ આપી ટકી રહેવું એ પણ કોઈ ખાવાનાં ખેલ ન હતા. જ્યારે સત્યાશીનો દુકાળ પડ્યો ત્યારે અંગ્રેજો માટે કષ્ટના દિવસો બેઠા. એક સમય એવો પણ આવ્યો કે તેમણે સુરત છોડીને બીજે નજર દોડાવી જોઈ પણ ઈતિહાસ વાંચતા એવું લાગે છે અંગ્રેજોનું સુરત સાથેનું ઋણ બાકી હતું તેથી તેઓ સુરતમાં જ રહ્યા. એ વખતે અંગ્રેજોને એક બીજી મુસીબત એ પણ નડી રહી હતી કે કંપની સરકાર પાસે જે વેપાર રહ્યો, તેનો જ વેપાર કંપનીમાં ઉચ્ચ હોદ્દે રહેલા તેના માણસો પણ કરતા અને ઓછા ભાવે માલ વેચતા. તેના કારણે અંગ્રેજ કંપનીને મંદીનો સામનો કરવો પડતો. આ પરથી એ સમજાય છે કે કાગડા બધે જ કાળા હોય છે. બીજી તકલીફ એ હતી કે, સૂરતના શરાફો પાસેથી કંપનીને મૂડી મળતી પણ તેમાં પણ શરાફો જ મલાઈ ખાઈને ભોક્તા થઈ પડતા. અંગ્રેજોએ આ સમયે કષ્ટ સહીને પણ જેમ તેમ વેપાર ટકાવી રાખ્યો હતો.

અંગ્રેજોએ સત્યાશીના દુકાળ પછી પણ મુંબઈ તરફ નજર દોડાવી પણ એ વખતે મુંબઈ પોર્ટુગીઝો પાસે હતું એટલે ત્યાં પણ તેમનો ગજ વાગે તેમ ન હતો. જોકે એ જ સમયગાળામાં આગ્રાની ગળી અને બસરાનાં વેપારમાં અંગ્રેજોને અણધાર્યો એટલો નફો થયો કે એમનું બધું દેવું પતી ગયું. ઈ.સ.૧૬૪૬માં સુરતની અંગ્રેજ કોઠીમાં ૩.૮,૩૬,૦૦૦નો માલ ભરેલો હતો.

દેશમાંનો સુરતનો ખુશ્કી વેપાર એટલે કે જમીન માર્ગે વેપાર પણ ગુજરાતના શહેરો ઉપરાંત ગોવળકોંડા, બુરહાનપુર, આગ્રા, દિલ્હી અને લાહોર સુધીનો હતો. એ વેપારનો માલ ગાડામાં ઊંટ કે બળદોની વણજારમાં આવતો-જતો. મોસમના સમયમાં તેની લંગારો વરિયાવી, બરાનપુરી કે નવસારી ભાગોળ સુધી થતી હતી કારણ કે, સુરતનો કોટ ત્યારે હજુ બન્યો ન હતો. દરિયાઈ વેપારની ભીડ નદી કરતા ડુમસ અને સુંવાલીના બારામાં વધુ થતી હતી. જો કે, ત્યારે તાપીનો પટ અને પ્રવાહ જબરજસ્ત હતા; તાપી નદી ત્યારે આજના જેવી ન હતી, ભરભાદર તેનું જોબન હતું. ડુમસ અને સુંવાલીમાં કોંકણ, મલબાર, સિલોન, મદ્રાસ, સુમાત્રા, ઈરાન, અરબસ્તાન અને આફ્રિકાના જુદી-જુદી બાંધણીના અને જુદા-જુદા વાવટા ઉડાડતા વહાણો લંગરો નાંખી ઝૂલતા રહેતા.




**એ જમાનામાં સૂરતના બંદરે એવી એક પણ ચીજ ન હતી કે તે મળતી ન હોય. જોકે સૂરતનો સુવર્ણસમય લાંબો સમય ટક્યો નહિ એ સૂરતની કમનસીબી છે**

પરદેશમાં સુરત બંદરના ઘઉંની માંગ ઘણી રહેતી. ઉપરાંત, વટાણા, વાલ, ચોળીની મોટા પ્રમાણમાં નિકાસ થતી. કસ્તૂરી, પારો, લાખ, કરિયાણા, ઘી, તેલ, દિવેલ, સાબુ, ખાંડ, મુરબ્બા, કાગળ, મીણ, અફીણ અને ગળીનો વેપાર ખૂબ જબરજસ્ત હતો. શહેરની વસવાટની શેરીઓના ભોંયરામાં એટલો બધો માલ ખડકાતો કે તે માલની સોડમ પરથી જ શેરીઓ ઓળખાય જાય. આજે પણ કેળાપીઠ, માછલીપીઠ, દાણાપીઠ એ બધી શેરીઓના નામ તેમાં રાખવામાં આવતા માલને કારણે પડ્યા હોવાનું મનાય છે. શહેરનો હુન્નરી માલ પણ એટલો જ વિખ્યાત હતો. રેશમી, સુતરાઉ કાપડ અહીંથી જ દેશાવર જતું. એ કાપડ પર સોનેરી ને રૂપેરી જરીના બુટ્ટાઓ ભરવાનો હુન્નર સૂરતમાં હતો. સાટીન અને મખમલ પણ અહીંથી પરદેશ જતું. આજના ટેક્સટાઈલ હબનો પાયો તો સત્તરમી સદીમાં જ નંખાય ગયો હતો. ત્યારે પણ સૂરતમાં કાપડની બીજી અનેક જાતો જથ્થામાં બનતી. ઉપરાંત રંગબેરંગી સુતરાઉ તેમ જ રેશમી ભાતીગળ શેતરંજીઓ પણ અહીં બનતી. સુંદર પલંગો અને છીપ જડેલા ટેબલો બનતા અને તે પણ પરદેશ જતા.

અંગ્રેજો સીસું, તલવાર, ચપ્પુ, ચશ્માં, અરીસા, ગુલાબજળ વગેરે માર્ગમાંનાં બંદરેથી લાવીને સુરતમાં વેચતા. વલંદાઓ લવંગ, જાયફળ, જાવંત્રી, તજ, મરી એલચી, કપૂર, ત્રાંબાના પતરાં, લોબાન, પારો, હિંગળોક, સોપારી, હાથીદાંત, સુખડ, ઊનનું કાપડ, કલાઈ સીસું, ચા, ખાંડ, પરવાળા અને અબનુસનું લાકડું લઈ આવતા અને બદલામાં છીંટ, બાસ્તા, સૂજની, પટોળાં, છત્રી, ગળી, હરડે, હિંગ, અફીણ, સાબુ, મીણ, સૂતર અને ઘઉં લઈ જતા.

ટૂંકમાં, એ જમાનામાં સૂરતના બંદરે એવી એક પણ ચીજ ન હતી કે તે મળતી ન હોય. જોકે સૂરતનો સુવર્ણસમય લાંબો સમય ટક્યો નહિ એ સૂરતની કમનસીબી છે.

વારસાની વરિયાળી

**લિયો ટોલ્સટોય જે કદી ભારત આવ્યા ન હતા, તેમણે સૂરત બંદરની ખ્યાતિ એટલી સાંભળી હતી કે તેમણે અહીં આવ્યા વિના "ધ કોફી હાઉસ ઓફ સૂરત" કરીને ટૂંકી વાર્તા લખી હતી.**